सत्यमेव जयते

# કામકાજનો ટૂંકો અહેવાલ

## સાતમી ગુજરાત વિધાનસભા

## અગિયારમું સત્ર

( તા. ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૦ થી
તા. ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૦ )

ગુજરાત વિધાનસભા સચિવાલય
વિઠ્ઠલભાઈ પટેલ ભવન
ગાંધીનગર.
એપ્રિલ. ૧૯૯૦.

सत्यमेव जयते

# કામકાજનો ટૂંકો અહેવાલ

## સાતમી ગુજરાત વિધાનસભા

## અગિયારમું સત્ર

( તા. ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૦ થી
તા. ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૦ )

ગુજરાત વિધાનસભા સચિવાલય
વિઠ્ઠલભાઈ પટેલ ભવન
ગાંધીનગર.
એપ્રિલ, ૧૯૯૦.

એચબી.–૧૯૩૪–(૧)

सत्यमेव जयते

# કામકાજનો ટૂંકો અહેવાલ

## સાતમી ગુજરાત વિધાનસભા

## અગિયારમું સત્ર

( તા. ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૦ થી
તા. ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૦ )

ગુજરાત વિધાનસભા સચિવાલય
વિઠ્ઠલભાઈ પટેલ ભવન
ગાંધીનગર.
એપ્રિલ. ૧૯૯૦.

એચબી.—૧૯૩૪—(૧)

©

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

## પ્રસ્તાવના

આ પ્રકાશનમાં સાતમી ગુજરાત વિધાનસભાના અગિયારમા સત્ર (૧૮મી જાન્યુઆરી, ૧૯૯૦થી ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૦)માં થયેલા કામકાજની જુદી જુદી બાબતો અંગે ટૂંકી નોંધ આપવામાં આવી છે. શકય હોય ત્યાં આંકડાવાર માહિતી પણ આપી છે. આશા છે કે રસ ધરાવનાર સૌ કોઈને તે ઉપયોગી નીવડશે.

ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

તારીખ :– ૬ – ૪ –૧૯૯૦.

પુ, ના. ઠક્કર,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

## અ નુ ક્ર મ ણિ કા

| ક્રમાંક | વિષય | પાના નંબર |
| --- | --- | --- |
| ૧ | ૨ | ૩ |
| ૧. | સાતમી ગુજરાત વિધાનસભાના અગિયારમા સત્ર (તા. ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૦થી તારીખ ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૦) માં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ. ... ... | ૧ |
| ૨. | પત્રક ક્રમાંક--૧ સત્રમાં થયેલા જુદા જુદા કામકાજે લીધેલ સમય અને તેની ટકાવારી. ... ... ... | ૧૨ |
| ૩. | પત્રક ક્રમાંક--૨ ગૃહની બેઠકોની તારીખ અને સમય. | ૧૪ |
| ૪. | પત્રક ક્રમાંક--૩ સભ્યોએ વ્યક્તિગત રીતે આપેલી હાજરી. | ૧૫ |
| ૫. | પત્રક ક્રમાંક--૪ સભ્યોની તારીખવાર હાજરી. | ૨૧ |
| ૬. | પત્રક ક્રમાંક--૫ ટૂંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નોનો નિકાલ (આંકડામાં). | ૨૨ |
| ૭. | પત્રક ક્રમાંક--૬ ટૂંકી મુદતના પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં). | ૨૪ |
| ૮. | પત્રક ક્રમાંક--૭ અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં). | ૨૮ |
| ૯. | પત્રક ક્રમાંક--૮ દાખલ કરવાના સરકારી વિધેયકો. | ૩૨ |
| ૧૦. | પત્રક ક્રમાંક--૯ પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના સરકારી વિધેયકો. | ૩૪ |
| ૧૧. | પત્રક ક્રમાંક--૧૦ વૈધાનિક પ્રસ્તાવો (નિયમ--૧૦૦) | ૩૮ |
| ૧૨. | પત્રક ક્રમાંક--૧૧ વિધાનસભામાં પક્ષવાર સભ્ય સંખ્યા. | ૪૦ |
| ૧૩. | પત્રક ક્રમાંક--૧૨ ખરેખર થયેલા કામ પ્રમાણેની તારીખવાર યાદી. | ૪૧ |
| ૧૪. | પત્રક ક્રમાંક--૧૩ રોજેરોજના કામકાજનો સારાંશ. | ૪૨ |
| ૧૫. | પત્રક ક્રમાંક--૧૪ વિધાનસભાની ચર્ચાઓમાં જુદા જુદા સભ્યોનો ફાળો. | ૫૨ |
| ૧૬. | પત્રક ક્રમાંક--૧૫ શોકદર્શક ઉલ્લેખ. | ૭૪ |

## સાતમી ગુજરાત વિધાનસભાના અગિયારમા સત્રમાં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ

### પ્રારંભિક

૧. સાતમી ગુજરાત વિધાનસભાનું અગિયારમું સત્ર ગુરુવાર, તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૦ના રોજ શરૂ થયું હતું અને સોમવાર, તારીખ ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૦ના રોજ રાજ્યપાલશ્રીના આદેશથી સમાપ્ત થયું હતું. સત્ર દરમ્યાન વિધાનસભા કુલ ૩ દિવસ મળી હતી અને તેમાં ૩ બેઠકો થઈ હતી. સત્ર દરમિયાન વિધાનસભાએ કુલ ૧૦ કલાક અને ૪૭ મિનિટ કામ કર્યું હતું. સત્ર દરમ્યાન જુદાં જુદાં કામકાજ જેવાં કે પ્રશ્નોત્તરી, સરકારી વિધેયકો, વગેરેમાં કેટલો સમય ગયો હતો તે અને તેની ટકાવારી પત્રક ક્રમાંક : ૧માં આપવામાં આવી છે.

### ગૃહની બેઠકોની તારીખો અને સમય

૨. ગૃહની બેઠકોની તારીખ અને સમય--પત્રક ક્રમાંક : ૨માં આપવામાં આવ્યાં છે.

### હાજરી

૩. સત્ર દરમ્યાન એક દિવસમાં વધારેમાં વધારે હાજરી ૧૨૬ હતી અને ઓછામાં ઓછી હાજરી ૧૨૧ હતી. સરેરાશ હાજરી ૯૧.૪૦ હતી. દરેક સભ્યે કેટલી બેઠકોમાં હાજરી આપી તે પત્રક ક્રમાંક :૩માં તથા દરેક બેઠકમાં કેટલા સભ્યોએ હાજરી આપી તે પત્રક ક્રમાંક : ૪માં દર્શાવવામાં આવી છે.

### અધ્યક્ષની ચૂંટણી

૪. વિધાનસભાના સભ્યશ્રી બરજોરજી કાવસજી પારડીવાલાની તારીખ ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૦ના રોજ વિધાનસભાના અધ્યક્ષ તરીકે વિના વિરોધે પસંદગી કરવામાં આવી હતી.

### રાજ્યપાલશ્રીનું સંબોધન

૫. ભારતના બંધારણની કલમ ૧૭૬(૧) અનુસાર રાજ્યપાલશ્રીએ તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૦ના રોજ બપોરે ૧૨--૦૦ કલાકે ગુજરાત વિધાનસભાને સંબોધન કર્યું હતું. સંબોધન દરમિયાન રાજ્યપાલશ્રીના પ્રવચનને ચૂંટણીલક્ષી ગણાવી વિરોધપક્ષોએ સભાત્યાગ કર્યો હતો. તે દિવસે સભ્યશ્રી ખોડીદાન ઝૂલાએ, રાજ્યપાલશ્રીએ ગુજરાત વિધાનસભાને સંબોધન કર્યા બદલ આભાર પ્રસ્તાવ રજૂ કર્યો હતો. જેનું સભ્યશ્રી ઉપેન્દ્ર ત્રિવેદીએ સમર્થન કર્યું હતું. આભાર પ્રસ્તાવ ઉપર સુધારાની એકપણ સૂચના મળી ન હતી. રાજ્યપાલશ્રીના સંબોધન ઉપર તારીખ ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૦ના રોજ સભાગૃહમાં ચર્ચા કરવામાં આવી હતી અને ચર્ચાને અંતે આભાર પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો.

## ટૂંકી મુદતના અને અતારાંકિત પ્રશ્નો

૬. સાતમી ગુજરાત વિધાનસભાનું અગિયારમું સત્ર તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૦ના રોજ બોલાવવામાં આવ્યું હતું. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ--૩૧ મુજબ સત્ર દરમિયાન ગૃહની બેઠકનો પહેલો કલાક ટૂંકી મુદતના અને તારાંકિત પ્રશ્નો પૂછવા અને તેના જવાબો આપવા માટે રાખવામાં આવે છે. આ માટે તારાંકિત પ્રશ્નો પૂછવા માટેનો વિગતવાર કાર્યક્રમ તૈયાર કરી માનનીય સભ્યશ્રીઓ તેમજ મુલ્કી સચિવાલયના સર્વે વિભાગોને મોકલી આપવામાં આવે છે. વિધાનસભાનું આ સત્ર ખૂબ ટૂંકી મુદતથી અને ફક્ત ચાર જ દિવસ માટે બોલાવવામાં આવ્યું હોવાથી નિયમ--૩૩ મુજબ તારાંકિત પ્રશ્નો પૂછવા માટે ઓછામાં ઓછા ૨૧ અને વધારેમાં વધારે ૨૮ દિવસની સૂચના આપવાની સમય મર્યાદા સચવાય તેમ ન હતી અને તેથી મુલ્કી સચિવાલયને જવાબો તૈયાર કરવામાં પૂરતો સમય મળી શકે તેમ ન હોવાથી માનનીય અધ્યક્ષશ્રીએ આ સત્રમાં પ્રશ્નોત્તરીના કલાકમાં ફક્ત દાખલ કરવામાં આવેલા ટૂંકી મુદતના પ્રશ્નો હાથ ધરવાનું ઠરાવ્યું હતું. આમ સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નોત્તરી રાખવામાં આવી ન હતી.

સત્ર માટે ટૂંકી મુદતના પ્રશ્નોની કુલ ૭૧ સૂચનાઓ મળી હતી. તે પૈકી સત્રના ત્રણ દિવસની બેઠક માટે કુલ ૧૬ ટૂંકી મુદતના પ્રશ્નોની સૂચના દાખલ કરવામાં આવી હતી, જે પૈકી ૯ પ્રશ્નો ઉપર સભાગૃહમાં ચર્ચા કરવામાં આવી હતી. એક પ્રશ્ન સમયના અભાવે ચર્ચાયો ન હતો. ઓછો સમય મળવાને કારણે ટૂંકી મુદતના પ્રશ્નોના જવાબો તૈયાર થઈ શકે તેમ ન હોવાથી તેના જવાબો ગૃહમાં આપવા માટે સંબંધિત મંત્રીશ્રીઓએ અસંમતિ દર્શાવી હોવાથી પાંચ ટૂંકી મુદતના પ્રશ્નો નિયમ ૯૦(૩) અન્વયે રદ કરવામાં આવ્યા હતા. જ્યારે એક પ્રશ્ન તારીખ ૨૩મી જાન્યુઆરી, ૧૯૯૦ની સભાગૃહની બેઠક રદ કરવાને કારણે નિયમ--૨૧ અન્વયે રદ કરવામાં આવ્યો હતો. (જુઓ પત્રક ક્રમાંક--૫).

દશમું સત્ર પૂરું થયા પછી અને અગિયારમા સત્રના છેલ્લા દિવસ સુધીમાં અતારાંકિત પ્રશ્નોની કુલ ૧૦૧ સૂચનાઓ મળી હતી. તે પૈકી ૩૫ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબોની એક યાદી સભાગૃહમાં રજૂ કરવામાં આવી હતી અને ૨૦ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબોની યાદી નિયમ ૯૩--ક અન્વયે સત્રના છેલ્લા દિવસે સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી હતી. આમ સત્ર દરમિયાન કુલ ૫૫ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો ગૃહમાં રજૂ કરવામાં આવ્યા હતા. અતારાંકિત પ્રશ્નોની ૧૦૧ સૂચનાઓમાંથી ૪ સૂચનાઓ જે તે સભ્યશ્રી મંત્રીશ્રી બનતાં અને ૧ સૂચના જે તે સભ્યશ્રી સંસદ સભ્ય બનતાં રદ કરવામાં આવી હતી. (જુઓ પત્રક ક્રમાંક--૫).

ટૂંકી મુદતના અને અતારાંકિત પ્રશ્નોની સૂચનાઓના નિકાલ અંગેની વિભાગવાર માહિતી અનુક્રમે પત્રક ક્રમાંક--૬ અને પત્રક ક્રમાંક--૭માં આપી છે.

## સરકારી વિધેયકો

૭. દાખલ કરવાના સરકારી વિધેયકો.--સત્ર દરમિયાન એક (સન ૧૯૯૦નું વિધેયક ક્રમાંક--૧) સરકારી વિધેયક દાખલ કરવામાં આવ્યું હતું. (જુઓ પત્રક ક્રમાંક--૮).

૮. **પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં વિધેયકો.**—સત્ર દરમિયાન પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના કુલ ૧૨ વિધેયકો હતાં જે પૈકી એક વિધેયક પસાર કરવામાં આવ્યું હતું. ૧૧ વિધેયકો સમયના અભાવે હાથ ધરી શકાયા ન હતાં. (જુઓ પત્રક ક્રમાંક-૯).

૯. **પસાર થયેલાં સરકારી વિધેયકો અને તેનું વિષયવાર વર્ગીકરણ.**—સત્ર દરમિયાન પસાર થયેલ એકમાત્ર વિધેયક ગુજરાત રાજ્યના અમલી કાયદાને સુધારતું અને કરવેરાને લગતું વિધેયક હતું.

**વટ હુકમોનું સ્થાન લેતાં વિધેયકો**

૧૦. સત્ર દરમિયાન સન ૧૯૮૯ના વટહુકમ ક્રમાંક-૫ અને ૬ તથા આ વટહુકમો બહાર પાડવાના સંજોગો સમજાવતાં નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં હતાં. જે પૈકી વટહુકમ ક્રમાંક-૫નું સ્થાન લેતું સન ૧૯૯૦નું વિધેયક ક્રમાંક-૧ પસાર કરવામાં આવ્યું હતું.

**વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા રાષ્ટ્રપતિ/રાજ્યપાલશ્રીની અનુમતિવાળા વિધેયકો**

૧૧. સત્ર દરમિયાન રાજ્યપાલશ્રીની અનુમતિવાળાં નીચેનાં વિધેયકો વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યાં હતાં.

| અનુ. નં.<br>૧ | વિધેયક<br>૨ | કોની અનુમતિ મળી છે<br>૩ | મેજ ઉપર મૂકયા તારીખ<br>૪ |
|---|---|---|---|
| ૧. | સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક--૧૨--સન ૧૯૮૯નું મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન (ગુજરાત સુધારા) વિધેયક. | રાજ્યપાલશ્રી | ૧૯-૧-૯૦ |
| ૨. | સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક--૩૦--સન ૧૯૮૯નું ગુજરાત આકસ્મિક ફંડ (સુધારા) વિધેયક. | રાજ્યપાલશ્રી | ૧૯-૧-૯૦ |
| ૩. | સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક--૩૧-સન ૧૯૮૯નું ગુજરાત પંચાયત (દ્વિતીય સુધારા) વિધેયક. | રાજ્યપાલશ્રી | ૧૯-૧-૯૦ |
| ૪. | સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક--૩૩ સન ૧૯૮૯નું ગુજરાત લોકાયુકત (સુધારા) વિધેયક. | રાજ્યપાલશ્રી | ૧૯-૧-૯૦ |
| ૫. | સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક--૪૩--સન ૧૯૮૯નું ગુજરાત (દ્વિતીય પૂરક) વિનિયોગ વિધેયક. | રાજ્યપાલશ્રી | ૧૯-૧-૯૦ |

## વૈધાનિક પ્રસ્તાવો (નિયમ–૧૦૦)

૧૨. સત્ર દરમ્યાન નિયમ-૧૦૦ હેઠળના વૈધાનિક પ્રસ્તાવની એક સૂચના મળી હતી જે માનનીય અધ્યક્ષશ્રીએ દાખલ કરી હતી. ચર્ચાને અંતે સભાગૃહે આ પ્રસ્તાવ પસાર કર્યો હતો. જ્યારે અગાઉના સત્ર દરમિયાન બાકી રહેલ પાંચ પ્રસ્તાવો આ સત્રમાં પણ સમયના અભાવે હાથ ધરી શકાયા ન હતા. (જુઓ પત્રક ક્રમાંક–૧૦).

## ચર્ચા માટેનો દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ–૧૦૧)

૧૩. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૧ હેઠળ જેની ચર્ચા માટે દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવની સૂચના સભ્ય શ્રી અશોક ભટ્ટ તરફથી મળી હતી. સૂચનાનો વિષય "નર્મદા યોજના ઠરાવેલ સમય મર્યાદામાં પૂર્ણ કરવા બાબત" હતો. સૂચના દાખલ કરવામાં આવી હતી. પરંતુ સમયના અભાવે તે હાથ ધરી શકાઈ ન હતી.

## છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨)

૧૪. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૨ હેઠળ છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરવાની ઈચ્છા વ્યક્ત કરતી કુલ–૧૩ સૂચનાઓ મળી હતી તે પૈકી ૨ સૂચનાઓ મુદત બહારની હોવાથી દફતરે કરવામાં આવી હતી. બાકીની ૧૧ સૂચનાઓ આપનાર સભ્યશ્રીઓના નામોનું બેલટ તા. ૧૮-૧-૯૦ ના રોજ યોજવામાં આવ્યું હતું. પરંતુ બેલટમાં અગ્રતા મેળવનાર સભ્ય શ્રીમતી કુસુમબેન ખંભોળજાએ નિયત સમય-મર્યાદામાં તેમના પ્રસ્તાવની સૂચના આપી ન હતી.

## ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ–૧૧૬)

૧૫. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૧૬ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીનું ધ્યાન દોરતી કુલ-૫ સૂચનાઓ આવી હતી, જેમાંથી ૪ સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી અને સભ્ય શ્રી બાબુભાઈ વાસણવાળાની "જુનિયર કારકુનોની હડતાલને કારણે પ્રજાજનોને પડતી મુશ્કેલીઓ" અંગેની એક સૂચના દાખલ કરવામાં આવી હતી જેના ઉપર માનનીય મુખ્ય મંત્રીશ્રીએ તા. ૨૨-૧-૯૦ ના રોજ સભાગૃહમાં નિવેદન કર્યું હતું.

## પોઈન્ટ ઓફ ઓર્ડર

૧૬. સત્ર દરમ્યાન કુલ ૧ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવામાં આવ્યો હતો. પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યો ન હતો.

**યાદગાર પ્રસંગો**

૧૭. (૧) **નવું મંત્રી મંડળ અને નવા અધ્યક્ષ.**—નવેમ્બર, ૧૯૮૯ માં લોકસભાની ચૂંટણી પછી કેન્દ્રના સ્તર સત્તાપલટો થતાં રાજ્યની વર્તમાન સરકારને પણ અસર થઈ. મુખ્ય મંત્રીશ્રી અમરસિંહ ચૌધરીની સરકારે રાજીનામું આપ્યું અને તેમના સ્થાને શ્રી માધવસિંહ સોલંકીની નવી સરકાર અસ્તિત્વમાં આવી. ૩૨ સભ્યોની ગુજરાત વિધાનસભાના ઈતિહાસમાં સૌથી મોટા કદની સરકારના સભ્યોએ ગૃહમાં અગ્ર હરોળમાં સ્થાન લીધું. વિધાનસભાના અધ્યક્ષશ્રી નટવરલાલ શાહની પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ તરીકેની વરણી થતાં, તેમણે પણ અધ્યક્ષના હોદ્દા પરથી તા. ૮મી જાન્યુઆરી, ૧૯૯૦ થી રાજીનામું આપ્યું. અને તેમણે ગૃહમાં પાછલી પાટલી ઉપર પોતાનું સ્થાન લીધું. નવા અધ્યક્ષ તરીકે શ્રી બરજોરજી પારડીવાલાની તા. ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૦ ના રોજ પસંદગી કરવામાં આવી. અત્રે એ ઉલ્લેખનીય છે કે ગુજરાત વિધાનસભાના ઈતિહાસમાં એક જ કોમના અધ્યક્ષશ્રીની અત્યાર સુધી ફરી પસંદગી થઈ નથી.

ઉપાધ્યક્ષશ્રી કરશનદાસ સોનેરીને ૧૦ દિવસ માટે અધ્યક્ષશ્રીની ફરજો બજાવવાનો પ્રસંગ ઉભો થયો અને એક દિવસ માટે ગૃહનું સંચાલન કરવાની ફરજ પણ તેમણે બજાવી.

(૨) **રાજ્યપાલશ્રીનું પ્રવચન અને સભાત્યાગ.**—સત્રના પ્રારંભે તા. ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૦ ના રોજ રાજ્યપાલશ્રીએ બપોરના ૧૨-૦૦ વાગે સભાગૃહને સંબોધન કર્યું. પ્રવચનનો થોડો ભાગ સભાગૃહના સભ્યોએ શાંતિથી સાંભળ્યો. પરંતુ ત્યારબાદ રાજ્યપાલશ્રીએ નવી સરકારની કામગીરીનો ઉલ્લેખ કરીને લીધેલા કેટલાક નીતિવિષયક નિર્ણયો અને પ્રજાલક્ષી કાર્યક્રમોની વિગતો આપવાનું શરૂ કરતાં વિરોધપક્ષના નેતાઓ વિક્ષેપ પાડીને જણાવ્યું કે વિરોધપક્ષના સભ્યો ચૂંટણીલક્ષી જાહેરાતોનો વિરોધ કરે છે અને તેમાં તેઓ ભાગ લઈ શકે તેમ નથી. બીજા વિરોધ પક્ષના સભ્યોએ પણ તેમાં સૂર પૂરાવ્યો અને એકાદ બે સભ્યો સિવાય વિરોધપક્ષના બાકીના સભ્યોએ સભાત્યાગ કર્યો.

(૩) **અધ્યક્ષશ્રીની ચૂંટણીના કાર્યક્રમમાં ફેરફાર.**—અધ્યક્ષશ્રીની ચૂંટણી સભાગૃહની બેઠકના પ્રથમ દિવસે જ એટલે કે તા. ૧૮-૧-૯૦ ના રોજ કરવા માટે રાજ્યપાલશ્રીએ દિવસ નક્કી કર્યો હતો. પરંતુ આગાઉ અવસાન પામેલા મંત્રી મંડળના એક સભ્ય અને બીજા ભૂતપૂર્વ સભ્યોના અવસાનને કારણે ગૃહમાં તે દિવસે શોકદર્શક ઉલ્લેખ કરવાના હોવાથી સભાગૃહે અધ્યક્ષની ચૂંટણી બીજા દિવસે રાખવાનું નક્કી કર્યું અને તદનુસાર રાજ્યપાલશ્રીએ અધ્યક્ષની ચૂંટણી માટે નવી તારીખ નક્કી કરતો હુકમ કર્યો. તદનુસાર તા. ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૦ ના રોજ અધ્યક્ષશ્રીની ચૂંટણી કરવામાં આવી અને અધ્યક્ષ તરીકે શ્રી બરજોરજી પારડીવાલાની પસંદગી કરવામાં આવી.

(૪) **પદત્યાગ કરનાર અધ્યક્ષશ્રીની સેવાઓની કદર કરતાં ઉલ્લેખો.**—તા. ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૦ ના રોજ નવા અધ્યક્ષશ્રીની ચૂંટણી પછી તેમને સભાગૃહના નેતાશ્રી અને વિરોધ પક્ષના નેતાશ્રી તરફથી શુભેચ્છાઓ પાઠવવામાં આવી. ત્યારબાદ પદત્યાગ કરનાર અધ્યક્ષશ્રી નટવરલાલ શાહની સેવાઓને બિરદાવતા ઉલ્લેખો સભાગૃહના નેતાશ્રી, વિરોધપક્ષના નેતાશ્રી અને અન્ય સભ્યશ્રીઓ તરફથી કરવામાં આવ્યા. જો કે અગાઉના સત્રમાં પણ શ્રી નટવરલાલ

શાહની સેવાઓ અંગે સભાગૃહમાં ઉલ્લેખો થયા હતા. કારણ કે ત્યારપછી કોઈ સત્ર મળવાની સંભાવના ન હતી. સંજોગોવશાત એક વધારાનું સત્ર મળ્યું અને તે પહેલા શ્રી નટવરલાલ શાહે હોદ્દાનો ત્યાગ કરતા તેમની સેવાઓ અંગે ગૃહમાં ફરી ઉલ્લેખો થયા.

(૫) **સભાગૃહમાં ઉગ્રતાના રસપ્રદ બનાવો.**—તા. ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૦ ના રોજ રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં ભાગ લેતા મુખ્ય મંત્રીશ્રીએ "બોડી બામણીનું ખેતર" એ કહેવતનો ઉલ્લેખ કરતાં વિરોધપક્ષના સભ્યોમાંથી શ્રી અશોક ભટ્ટ અને હરગોવિંદ ઉપાધ્યાયે ઉગ્રતાપૂર્વક આ કહેવત વિધવાબ્રાહ્મણ સ્ત્રી સાથે સંકળાયેલી હોઈ મુખ્ય મંત્રીશ્રીએ તેવી કહેવતનો ઉપયોગ કરીને આખા બ્રાહ્મણ સમાજની ઉપેક્ષા કરી છે તેમ જણાવી બ્રાહ્મણ સમાજની માફી માગવા રજૂઆત કરી અને બંને સભ્યોસભા ગૃહના મધ્યસ્થ ભાગમાં આવીને બેઠા અને ઉપવાસ ઉપર ઉતરવાની જાહેરાત કરી, છેવટે મુખ્ય મંત્રીશ્રીએ માફી માગી અને પોતાના શબ્દો પાછા ખેંચ્યા. પરિણામે પરિસ્થિતિ થાળે પડી.

### કામકાજ સલાહકાર સમિતિમાં ફેરફાર

૧૮. તા. ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૦ના રોજ નિ. ૧૫૩(૨) અન્વયે માન. અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિના સભ્યશ્રી અરવિંદભાઈ સંઘવીના સ્થાને સભ્યશ્રી નટવરલાલ શાહની નિમણૂંક કરી હતી.

### સમિતિની બેઠકો

૧૯. સત્ર દરમિયાન નીચે જણાવેલ સમિતિઓની બેઠકો મળી હતી.

| અ. નં. | સમિતિનું નામ | | બેઠકની તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ |
| ૧. | પંચાયતી રાજ સમિતિ | ... ... | ૧૯-૧-૯૦ |
| ૨. | કામકાજ સલાહકાર સમિતિ | ... ... | ૧૮-૧-૯૦<br>૧૯-૧-૯૦ |
| ૩. | અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ | ... | ૧૯-૧-૯૦ |
| ૪. | સદસ્ય નિવાસ સમિતિ | ... ... | ૨૨-૧-૯૦ |

## વિધાનસભામાં રજૂ થયેલા/ચર્ચાયેલા ગૃહની સમિતિના અહેવાલો

૨૦. સત્ર દરમિયાન નીચે જણાવેલા અહેવાલો સભાગૃહમાં રજૂ થયા/ચર્ચાયા હતા.

| અ. નં. | અહેવાલ | રજુ થયા તારીખ | ચર્ચાયા તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. પંચાયતી રાજ સમિતિ | | | |
| | (૧) બારમો અહેવાલ | ૧૯--૧--૯૦ | ... |
| | (૨) તેરમો અહેવાલ | ૨૨--૧--૯૦ | ... |
| ૨. કામકાજ સલાહકાર સમિતિ | | | |
| | (૧) પંચાવનમો અહેવાલ | ૧૯--૧--૯૦ | ૧૯--૧--૯૦ |
| | (૨) છપ્પનમો અહેવાલ | ૧૯--૧--૯૦ | ૧૯--૧--૯૦ |
| ૩. અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ | | | |
| | (૧) છવ્વીસમો અહેવાલ | ૧૯--૧--૯૦ | ... |
| | (૨) સત્તાવીસમો અહેવાલ | ૧૯--૧--૯૦ | ... |
| | (૩) અઠ્ઠાવીસમો અહેવાલ | ૨૨--૧--૯૦ | ... |
| ૪. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો માટેની સમિતિ | | | |
| | (૧) બીજો અહેવાલ | ૧૯--૧--૯૦ | ... |

## વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો (અધિસૂચના સિવાય)

૨૧. સત્ર દરમિયાન નીચેના કાગળો વિધાનસભાના મેજ ઉપર મુકવામાં આવ્યા હતા.

| અ. નં. | વિષય | મેજ ઉપર મૂકયા તારીખ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ગુજરાત કામદાર કલ્યાણ બોર્ડનો સન ૧૯૮૭-૮૮ નો ૨૮મો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મુકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન | ૧૯--૧--૯૦ |

| ૧ | ૨ | ૩ |
| --- | --- | --- |
| ૨ | ગુજરાત હાઉસીંગ બોર્ડના સન ૧૯૮૬-૮૭ના વાર્ષિક હીસાબો અને ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન. | ૨૨--૧--૯૦ |
| ૩ | ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડનો સન ૧૯૮૭--૮૮ ના વર્ષનો ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન. | ૨૨--૧--૯૦ |
| ૪ | ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ લી. નો સન ૧૯૮૭--૮૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મુકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન | ૨૨--૧--૯૦ |
| ૫ | ગુજરાત ઘેટાં અને ઉન વિકાસ નિગમ લિ. નો સન ૧૯૮૬-૮૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનું નિવેદન | ૨૨--૧--૯૦ |
| ૬ | ગુજરાત ટ્રેકટર નિગમ લિ.નો સન ૧૯૮૮--૮૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટીપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા. | ૨૨--૧--૯૦ |

## વિધાનસભામાં પક્ષોની પરિસ્થિતિ

૨૨. સત્ર દરમિયાન વિધાનસભામાં પક્ષોની પરિસ્થિતિની માહિતી આ સાથેના પત્રકમાં આપવામાં આવી છે. (પત્રક ક્રમાંક : ૧૧)

## સત્ર દરમિયાન ખરેખર થયેલા કામ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી

૨૩. સત્ર દરમિયાન જુદા જુદા કામ ખરેખર કઈ તારીખે હાથ પર લેવાયાં તે બતાવતી સભાઓની તારીખવાર યાદી પત્રક ક્રમાંક ૧૨ માં આપવામાં આવી છે.

### રોજેરોજના કામકાજનો સારાંશ

૨૪. સત્ર દરમિયાન વિધાનસભાએ રોજેરોજ કરેલા કામકાજનો સારાંશ પત્રક ક્રમાંક : ૧૩માં આપવામાં આવેલ છે.

### વિધાનસભાની ચર્ચાઓમાં જુદા જુદા સભ્યોનો ફાળો

૨૫. સત્ર દરમિયાન જુદા જુદા કામમાં સભ્યોએ કેટલી વખત ભાગ લીધો તે પત્રક ક્રમાંક : ૧૪ માં આપવામાં આવેલ છે.

### શોકદર્શક ઉલ્લેખ

૨૬. સત્ર દરમિયાન પાંચ શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યાં હતાં જેમાં એક ચાલુ મંત્રીશ્રી, એક ચાલુ સભ્યશ્રી, બે માજી સભ્યશ્રીઓ અને એક ભૂતપૂર્વ મુંબઇ વિધાનસભાના માજી સભ્યશ્રીનો સમાવેશ થાય છે. (પત્રક ક્રમાંક : ૧૫)

### વિધાનસભાની કાર્યવાહી જોવા આવેલા પ્રેક્ષકો

૨૭. સત્ર દરમિયાન નીચે જણાવ્યા મુજબના પ્રેક્ષકો વિધાનસભાની કાર્યવાહી જોવા માટે આવ્યા હતા.

| | | |
|---|---|---|
| (૧) | અધ્યક્ષ દીર્ઘા | ૮૨૧ |
| (૨) | અતિથિ વિશેષ દીર્ઘા | ૨૯૫ |
| (૩) | પ્રેક્ષક દીર્ઘા | ૨૩૦૦ |
| (૪) | ૨૬ શૈક્ષણિક તેમજ સામાજિક સંસ્થાઓમાંથી વિધાનસભાની કાર્યવાહી જોવા આવેલા મુલાકાતીઓ | ૧૯૮૦ |
| | | ૫૦૯૬ |

પ ત્ર કો

### પત્રક ક્રમાંક—૧

(જુઓ ફકરા ક્રમાંક ૧)

### સત્રમાં થયેલ જુદા જુદા કામકાજે લીધેલ સમય અને તેની ટકાવારી

કલાક મિનિટ

દિવસોની સંખ્યા—૩ કુલ કલાક ૧૦ — ૪૭

| | કલાક મિનિટ<br>૧ | ટકાવારી<br>૨ |
|---|---|---|
| ૧ પ્રશ્નોત્તરી | ૨—૦૦ | ૧૯.૭૫ |
| ૨ વિધેયકો | | |
| (અ) સરકારી | ૦—૧૫ | ૦.૨૫ |
| (બ) બિન—સરકારી વિધેયકો | — | |
| ૩ અંદાજપત્ર પર ચર્ચા | — | |
| ૪ પ્રસ્તાવો | — | |
| (અ) સભામોકૂફીના પ્રસ્તાવો | — | |
| (બ) મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યક્ત કરતા પ્રસ્તાવો | — | |
| (ક) બીજા પ્રસ્તાવો (સરકારી તેમજ બિન-સરકારી સભ્યોના તેમજ બીજા પ્રાસ્તાવો) | ૨.૧૩ | ૨૦.૦૦ |
| ૫ રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા | ૩—૫૫ | ૩૯.૫૦ |
| ૬ (૧) સરકારી સંકલ્પો | — | |
| (૨) બિન—સરકારી સંકલ્પો | — | |

| | કલાક મિનિટ<br>૧ | ટકાવારી<br>૨ |
|---|---|---|
| ૭ વૈધાનિક મંડળોના કામકાજ પર ચર્ચા | — | — |
| ૮ વિધાનસભાની સમિતિઓના અહેવાલો અને બીજા અહેવાલો પર ચર્ચા | ૦–૧૩ | ૦.૨૫ |
| ૯ અન્ય બાબતો | ૨–૧૨ | ૨૦.૨૫ |
| | ૧૦.૪૭ | ૧૦૦.૦૦ |

### પત્રક ક્રમાંક—૨

(જુઓ ફકરા ક્રમાંક :—૨)

### ગૃહની બેઠકોની તારીખ અને સમય

કામકાજના દિવસો—૩ સભાગૃહની બેઠકો—૩

| વાર | તારીખ | બેઠક શરૂ થવાનો અને પૂરી થવાનો સમય | વિશ્રાંતિ ક. મિ. | બેઠકનો ખરેખર સમય ક. મિ. |
|---|---|---|---|---|
| ગુરુવાર, | તા. ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૦. | ૧૨.૪૫ થી ૨.૪૮ | — | ૨.૦૩ |
| શુક્રવાર, | તા. ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૦. | ૮.૩૦ થી ૧૨.૧૭ | ૦.૩૦ | ૩.૧૭ |
| સોમવાર, | તા. ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૦. | ૧૨.૦૦ થી ૬.૧૨ | ૦.૪૫ | ૫.૨૭ |
| | | | કુલ | ૧૦.૪૭ |

પત્રક ક્રમાંક—૩

(જુઓ ફકરા ક્રમાંક—૩)

**સભ્યોએ વ્યકિતગત રીતે આપેલ હાજરી દર્શાવતું પત્રક**

(મા. અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીઓ, વિરોધપક્ષના નેતા અને મુખ્ય દંડક સિવાય)

| ક્રમાંક | સભ્યશ્રીનું નામ | કુલ હાજરી |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | જાડેજા, શ્રી કનુભા માધુભા | ૩ |
| ૨. | મહેતા, શ્રી સુરેશચંદ્ર રૂપશંકર | ૩ |
| ૩. | પંચોલી, શ્રીમતી કુમુદીની ગજેન્દ્ર | ૩ |
| ૪. | દનીચા, શ્રી વાલજીભાઈ પૂનમચંદ | ૩ |
| ૫. | પટેલ, શ્રી હરિલાલ નાનજી | ૩ |
| ૬. | શ્રીમાળી, શ્રીમતી ચંદ્રાબેન સુરેશભાઈ | ૩ |
| ૭. | દવે, શ્રી નંદકિશોર ત્ર્યંબકલાલ | ૩ |
| ૮. | રાણા, શ્રી જનકસિંહ ખેંગારજી | ૩ |
| ૯. | મકવાણા, શ્રી કરમશીભાઈ કાનજીભાઈ | ૩ |
| ૧૦. | અધારા, શ્રી અમરતલાલ ગણેશભાઈ | ૩ |
| ૧૧. | જીંજરીયા, શ્રી પોપટભાઈ સવજીભાઈ | ૩ |
| ૧૨. | ડાભી, શ્રી મામૈયાભાઈ હરિભાઈ | ૧ |
| ૧૩. | શેઠ, ડૉ. સુશીલાબેન કે. | ૩ |
| ૧૪. | વાળા, શ્રી વજુભાઈ | ૧ |
| ૧૫. | વાઘેલા, શ્રી. ચંદ્રકાંત ભાનુભાઈ | ૩ |
| ૧૬. | પટેલ, શ્રી દિલીપભાઈ રમણભાઈ | ૩ |
| ૧૭. | સોજીત્રા, શ્રી છગનભાઈ શંભુભાઈ | ૩ |
| ૧૮. | ભીમાણી, શ્રી ડાહ્યાભાઈ દેવશીભાઈ | ૩ |
| ૧૯. | સંઘવી, ડૉ. વસંતભાઈ | ૨ |
| ૨૦. | હીરાણી, શ્રી ભીમજી નારણ | ૩ |
| ૨૧. | પટેલ, શ્રી કેશુભાઈ સવદાસ | ૩ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૨૨. | કાલરીયા, શ્રી રમેશભાઈ વિઠ્ઠલભાઈ | ૧ |
| ૨૩. | ગોરીયા, શ્રી મારખીભાઈ જેઠાભાઈ | ૩ |
| ૨૪. | માડમ, શ્રી હેમતભાઈ રામભાઈ | ૧ |
| ૨૫. | વારોતરીયા, ડૉ. રણમલભાઈ ના. | મંત્રીશ્રી |
| ૨૬. | આગઠ, શ્રી લક્ષ્મણભાઈ ભીમાભાઈ | ૩ |
| ૨૭. | પટેલ, શ્રીમતી જશુમતિ અર્જુનભાઈ | ૩ |
| ૨૮. | ચાવડા, શ્રી પરબતભાઈ ભોજાભાઈ | ૩ |
| ૨૯. | ઝાલા, શ્રી અરશીભાઈ પુજા | ૧ |
| 30. | બલોચ, શ્રી એમ. એફ. | ૩ |
| ૩૧. | ઝાલા, શ્રી ઉકાભાઈ સીદીભાઈ | ૩ |
| ૩૨. | રામાણી, શ્રી પોપટલાલ રામજીભાઈ | ૩ |
| ૩૩. | સોલંકી, શ્રી દેવાણંદભાઈ એસ. | ૨ |
| ૩૪. | પટેલ, શ્રી ગોરધનભાઈ ગોકળભાઈ | ૩ |
| ૩૫. | ખોખરીયા, શ્રી વાલજીભાઈ નાનજીભાઈ | ૨ |
| ૩૬. | ઠક્કર, શ્રી ખોડીદાસ | ૨ |
| ૩૭. | સંઘાણી, શ્રી દિલીપભાઈ નનુભાઈ | ૨ |
| ૩૮. | નકુમ, શ્રી ખોડાભાઈ રાજાભાઈ | ૨ |
| ૩૯. | ખાચર, શ્રી હાથીભાઈ છેલભાઈ | ૩ |
| ૪૦. | ગોહિલ, શ્રી કાંતિભાઈ | — |
| ૪૧. | સમા, શ્રી મજીદભાઈ દાદાભાઈ | ૩ |
| ૪૨. | પટેલ, શ્રી અમરશીભાઈ રામજીભાઈ | ૩ |
| ૪૩. | પટેલ, શ્રી ધીરુભાઈ ઠાકરશીભાઈ (દૂધવાળા) | ૨ |
| ૪૪. | જાની, શ્રી વજુભાઈ | ૧ |
| ૪૫. | ગોહિલ, શ્રી દિલીપસિંહ અજીતસિંહ | ૧ |
| ૪૬. | ઓઝા, શ્રી દિગંતભાઈ દિલીપભાઈ | ૩ |
| ૪૭. | શાહ, શ્રી નટવરલાલ ચંદુલાલ | ૩ |
| ૪૮. | મકવાણા, શ્રી પરસોત્તમભાઈ રવજીભાઈ | ૩ |
| ૪૯. | ઠક્કર, પ્રૉ. ઘનશ્યામ | ૩ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૫૦. | સોઢા, શ્રી ફતેસિંહ | ૩ |
| ૫૧. | ગઢવી, શ્રી ભરત | ૨ |
| ૫૨. | વાસણવાળા, શ્રી બાબુભાઈ | ૩ |
| ૫૩. | રાજપૂત, શ્રી સુરેન્દ્રકુમાર નેત્રપાલસીંગ – | ૩ |
| ૫૪. | કુરેશી, શ્રીમતી તમીઝબેન અમીરભાઈ | ૩ |
| ૫૫. | પટ્ટણી, શ્રી લક્ષ્મણભાઈ કાળીદાસ | ૩ |
| ૫૬. | પરમાર, શ્રી મનુભાઈ | ૨ |
| ૫૭. | ભટ્ટ, શ્રી અશોક | ૩ |
| ૫૮. | કુંદીવાલા, શ્રી અબ્દુલરહીમ તાજુજી | ૩ |
| ૫૯. | શ્રી રામલાલ રૂપલાલ | ૩ |
| ૬૦. | ઠાકોર, શ્રી શંકરજી કાળાજી | ૩ |
| ૬૧. | ઠાકોર, શ્રી કરસનજી મગનજી | ૩ |
| ૬૨. | જાદવ, શ્રી માનસિંગભાઈ વીરાભાઈ | ૩ |
| ૬૩. | પટેલ, શ્રી મણીલાલ વીરચંદદાસ | ૧ |
| ૬૪. | શુક્લ, શ્રી હરિપ્રસાદ વિઠ્ઠલરાય | ૩ |
| ૬૫. | પટેલ, શ્રી ભોળાભાઈ ચતુરભાઈ | ૩ |
| ૬૬. | ઠાકોર, શ્રી શંકરજી ઓખાજી | ૩ |
| ૬૭. | પટેલ, શ્રી કાન્તિલાલ નાનાલાલ | ૩ |
| ૬૮. | દરબાર, શ્રી ઉદેસિંહભાઈ જાલીમસિંહ | ૩ |
| ૬૯. | ઝુલા, શ્રી ખોડીદાન ભીમજીભાઈ | ૩ |
| ૭૦. | પટેલ, શ્રી પરબતભાઈ સવાભાઈ | ૩ |
| ૭૧. | વાઘેલા, શ્રી માનસિંહજી પ્રતાપસિંહજી | ૩ |
| ૭૨. | વાઘેલા, શ્રી લીલાધર ખોડાજી | ૩ |
| ૭૩. | પટેલ, શ્રી જોઈતાભાઈ કસનાભાઈ | ૩ |
| ૭૪. | પરમાર, શ્રી દોલતભાઈ ચેલારામ | ૩ |
| ૭૫. | કટારા, શ્રી કલજીભાઈ રત્નાજી | ૩ |
| *૭૬. | ડૉ. કરસનદાસ સોનેરી | ૨ |

* તા. ૧૮-૧-૯૦ના રોજ કાર્યકારી અધ્યક્ષ.

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૭૭. | ત્રિવેદી, શ્રી ઉપેન્દ્ર | ૩ |
| ૭૮. | પટેલ, શ્રી લખાભાઈ બહેચરદાસ | ૩ |
| ૭૯. | રહેવર, શ્રી મહેન્દ્રસિંહ | ૩ |
| ૮૦. | સોલંકી, શ્રી રામસિંહજી રૂપસિંહજી | ૩ |
| ૮૧. | ઝાલા, શ્રી નરેન્દ્રસિંહ માનસિંહ | ૩ |
| ૮૨. | પંડ્યા, શ્રી પ્રબોધકાન્ત દામોદરદાસ | ૩ |
| ૮૩. | ડામોર, શ્રી માલસિંહ ફતાભાઈ | ૩ |
| ૮૪. | પટેલ, શ્રી લલિતકુમાર ભગવાનદાસ | ૩ |
| ૮૫. | પસાયા, શ્રી વીરસિંહ ભૂલાભાઈ | ૨ |
| ૮૬. | બારીયા, શ્રી ઉદેસિંહ મોહનભાઈ | ૩ |
| ૮૭. | ચૌહાણ, શ્રી પ્રભાતસિંહ પ્રતાપસિંહ | ૩ |
| ૮૮. | ખાલપા, શ્રી અબ્દુલરહીમ ઈસ્માઈલ | ૩ |
| ૮૯. | પરમાર, શ્રી જશવંતસિંહ મનસુખ | ૩ |
| ૯૦. | ઉપાધ્યાય, શ્રી હરગોવિંદ દેવશંકર | ૩ |
| ૯૧. | ગોંદિયા, શ્રી બદીયાભાઈ મુળજીભાઈ | ૩ |
| ૯૨. | બાબી, શ્રીમતી નુરજહાંબખ્ત મોહંમદ ઈબ્રાહીમખાન | મંત્રીશ્રી |
| ૯૩. | ચૌહાણ, શ્રી બુધાજી જીતાજી | ૩ |
| ૯૪. | પરમાર, શ્રીમતી ચંપાબેન રામસિંહ | ૩ |
| ૯૫. | ખંભોળજા, શ્રીમતી કુસુમબેન હરિહરભાઈ | ૦ |
| ૯૬. | ઝાલા, શ્રી મગનભાઈ ગોકળભાઈ | ૩ |
| ૯૭. | સોઢા, શ્રી બળવંતસિંહ સુધનસિંહ | ૩ |
| ૯૮. | પટેલ, શ્રી દિનશા ઝવેરભાઈ | ૩ |
| ૯૯. | વાઘેલા, શ્રી અમરસિંહજી ભૂપતસિંહજી | ૩ |
| ૧૦૦. | સોલંકી, શ્રી રણછોડભાઈ શનાભાઈ | ૩ |
| ૧૦૧. | પટેલ, શ્રી ગોવિંદભાઈ જેસંગભાઈ | ૩ |
| ૧૦૨. | બારૈયા, શ્રી આશાભાઈ ધૂળાભાઈ | ૩ |
| ૧૦૩. | ગોહેલ, શ્રી ઉમેદભાઈ ફત્તેસિંહ | ૩ |
| ૧૦૪. | ચુડાસમા, શ્રી વિજયસિંહજી લઘુભા | ૩ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૧૦૫. | રાઠવા, શ્રી સુખરામભાઈ હરિયાભાઈ | ૩ |
| ૧૦૬. | રાઠવા, શ્રી મોહનસિંહ છોટુભાઈ | ૩ |
| ૧૦૭. | ભીલ, શ્રી મેઘાભાઈ જગાભાઈ | ૩ |
| ૧૦૮. | તડવી, શ્રી ભઈજીભાઈ ભાણાભાઈ | ૨ |
| ૧૦૯. | કુસ્વાહા, શ્રીમતી ગીરીરાજકુમારી | ૩ |
| ૧૧૦. | રબારી, શ્રી ભીખાભાઈ મુળજીભાઈ | ૧ |
| ૧૧૧. | શ્રી જશપાલસિંઘ નિરંજનસિંઘ | ૨ |
| ૧૧૨. | પટેલ, શ્રી મનુભાઈ લલ્લુભાઈ | ૩ |
| ૧૧૩. | ચૌહાણ, શ્રી મહેન્દ્રસિંહ તખતસિંહ | ૩ |
| ૧૧૪. | પરમાર, શ્રી જીતુભાઈ સોમાભાઈ | ૩ |
| ૧૧૫. | ડાભી, શ્રી ભાઈલાલભાઈ કે. | ૩ |
| ૧૧૬. | પટેલ, શ્રી મહંમદ હાફેજી ઈસ્માઈલ | ૩ |
| ૧૧૭. | પટેલ, શ્રી નાથુભાઈ નરોત્તમભાઈ | ૨ |
| ૧૧૮. | વસાવા, શ્રી રેવાદાસભાઈ લીમજીભાઈ | ૩ |
| ૧૧૯. | વસાવા, શ્રી રામજીભાઈ હીરાભાઈ | ૨ |
| ૧૨૦. | વસાવા, શ્રી પ્રેમસીંગભાઈ દેવજીભાઈ | ૩ |
| ૧૨૧. | વસાવા, શ્રી ભીમસીંગભાઈ ફોજસીંગ | ૩ |
| ૧૨૨. | વસાવા, શ્રી જયસિંહ ડુંગરીયાભાઈ | ૩ |
| ૧૨૩. | ગામીત, શ્રી વસનજીભાઈ ગંજીભાઈ | ૩ |
| ૧૨૪. | ચૌધરી, શ્રી અમરસિંહ ભીલાભાઈ | ૩ |
| ૧૨૫. | ઢોડિયા, શ્રી ધનજીભાઈ કરશનભાઈ | ૩ |
| ૧૨૬. | હળપતિ, શ્રી જીતુભાઈ છીતુભાઈ | ૩ |
| ૧૨૭. | રાઠોડ, શ્રી નારણભાઈ વનમાળીભાઈ | ૩ |
| ૧૨૮. | સોલંકી, ડૉ. ઈન્દિરા જ્યોર્જ. | ૧ |
| ૧૨૯. | ચૌહાણ, શ્રીમતી મહાશ્વેતાબેન જશવંતસિંહ | ૩ |
| ૧૩૦. | પટેલ, શ્રી કાંતિભાઈ કેશવભાઈ | ૩ |
| ૧૩૧. | પટેલ, શ્રી વસંતભાઈ પરભુભાઈ | ૩ |
| ૧૩૨. | પટેલ, શ્રીમતી ભારતીબેન નરદેવભાઈ | ૩ |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૧૩૩. | પટેલ, શ્રી ચંદરભાઈ હરિભાઈ | ૨ |
| ૧૩૪. | પારડીવાલા, શ્રી બરજોરજી કાવસજી | ૧ |
| ૧૩૫. | પટેલ, શ્રી શંકરભાઈ રવજીભાઈ | ૨. |
| ૧૩૬. | પટેલ, શ્રીમતી સવિતાબેન ગમનભાઈ | ૩ |
| ૧૩૭. | પટેલ, શ્રી છોટુભાઈ વેસ્તાભાઈ | ૩ |

પત્રક ક્રમાંક—૪

(જુઓ ફકરા ક્રમાંક-૩)

સભ્યોની તારીખવાર હાજરી દર્શાવતું પત્રક માન. અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીઓ વિરોધ પક્ષના નેતા અને મુખ્ય દંડક સિવાય

| ક્રમાંક | બેઠકની તારીખ | હાજરી | ગેર હાજરી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૧૮-૧-૯૦ | ૧૨૨ | ૧૫ | ૧૩૭ |
| ૨ | ૧૯-૧-૯૦ | ૧૨૬ | ૧૧ | ૧૩૭ |
| ૩ | ૨૨-૧-૯૦ | ૧૨૧ | ૧૬ | ૧૩૭ |

પત્રક ક્રમાંક—૫

(જુઓ ફકરા ક્રમાંક--૬.)

ટૂંકી મુદતના તારાંકિત અને અતારાંકિત પ્રશ્નોનો નિકાલ (આંકડામાં)

| પ્રશ્નનો પ્રકાર | મળેલ સૂચનાઓ | દાખલ કર્યા | દાખલ ન કર્યા | ટૂંકી મુદત--માંથી તારાંકિત પ્રશ્ન તરીકે દાખલ કર્યા | ટૂંકીમુદતમાંથી અતારાંકિત પ્રશ્ન તરીકે દાખલ કર્યા | તારાંકિતમાંથી અતારાંકિત તરીકે દાખલ | સભ્યશ્રીએ પ્રશ્નો પાછા ખેંચી લીધાં |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ટૂંકી મુદત | ૭૧ | ૧૬ | ૫૫ | ... | ... | ... | ... |
| અતારાંકિત | ૧૦૧ | ૪૯ | ૫૨ | ... | ... | ... | ... |

(જુઓ ફકરા ક્રમાંક ૫

| પ્રથમ સત્ર દરમિયાન જવાબ ન આવવાથી ગૃહમાં રજુ ન થઈ શકેલ અતારાંકિત પ્રશ્નો. | ગૃહમાં જવાબ આપ્યા | ટૂંકી મુદતે જવાબો આપવા મંત્રીશ્રી અસંમત થતાં રદ થયા | સત્ર વહેલું સમાપ્ત થતા પ્રશ્નો રદ થયાં | સમયના અભાવે પ્રશ્નો ચર્ચાયા નહી | નિ. ૮૭-ક અન્વયે સભાગૃહના મેજ ઉપર મુકયા | સભ્યશ્રીઓ મંત્રીશ્રીઓ/ સંસદ સભ્ય થતાં પ્રશ્નો રદ થયાં | સત્ર સમાપ્તિના દિવસે જવાબ ન આપ-વાથી ગૃહમાં રજુ ન થઈ શકેલા અતારાંકિત પ્રશ્નો. |
|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| ... | ૯ | ૫ | ૧ | ૧ | ... | ... | ... |
| ૧૯૨ | ૩૫ | ... | ... | — | ૨૦ | ૫ | ૧૮૬ |

પત્રક

(જુઓ ફકરા

ટૂંકી મુદતના પ્રશ્નોની

| અનુ. નં. | વિભાગનું નામ | મળેલ સૂચનાઓ | દાખલ કર્યા | ટૂંકી મુદતમાંથી તારાંકિત તરીકે દાખલ કર્યા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | સામાન્ય વહીવટ | ૫ | ૧ | ... |
| ૨. | નાણા | ૬ | ૨ | ... |
| ૩. | કાયદા | ૧ | ... | ... |
| ૪. | સિંચાઈ | ૫ | ... | ... |
| ૫. | મહેસૂલ | ... | ... | ... |
| ૬. | પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ | ૧ | ... | ... |
| ૭. | શિક્ષણ | ૩ | ૧ | ... |
| ૮. | ગૃહ | ૭ | ૩ | ... |
| ૯. | ઉદ્યોગ, ખાણ અને ઉર્જા | ૧૫ | ૬ | ... |
| ૧૦. | કૃષિ અને ગ્રામ વિકાસ | ૫ | ... | ... |
| ૧૧. | અન્ન અને નાગરિક પૂરવઠા | ૩ | ૧ | ... |
| ૧૨. | આરોગ્ય અને પરિવાર કલ્યાણ | ૫ | ૧ | ... |
| ૧૩. | સમાજ કલ્યાણ | ૨ | ... | ... |
| ૧૪. | માર્ગ અને મકાન | ૨ | ૧ | ... |

ક્રમાંક : ૬.

ક્રમાંક : ૬)

વિભાગવાર માહિતી (આંકડામાં)

| ટૂંકી મુદતમાંથી અતારાંકિત તરીકે દાખલ કર્યા | દાખલ ન કર્યા | મંત્રીશ્રી સંમત | મંત્રીશ્રી અસંમત | સત્ર વહેલું સમાપ્ત થતાં પ્રશ્નો રદ થયાં | ગૃહમાં રજૂ થયા |
|---|---|---|---|---|---|
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ... | ૪ | ... | ૧ | ... | ... |
| ... | ૪ | ... | ૨ | ... | ... |
| ... | ૧ | ... | ... | ... | ... |
| ... | ૫ | ... | ... | ... | ... |
| ... | ... | ... | ... | ... | ... |
| ... | ૧ | ... | ... | ... | ... |
| ... | ૨ | ... | ... | ... | ૧ |
| ... | ૪ | ૩ | ૧ | ... | ૨ |
| ... | ૯ | ૬ | ... | ૧ | ૫ |
| — | ૫ | ... | ... | ... | — |
| — | ૨ | ... | ... | ... | ૧ |
| — | ૪ | ... | ... | ... | ૧ |
| ... | ૨ | ... | ... | ... | ... |
| ... | ૧ | ... | ૧ | ... | ... |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| | ૧૫. શ્રમ અને રોજગાર | ૧ | ... | ... |
| | ૧૬. બંદરો વાહનવ્યવહાર અને મત્સ્યોદ્યોગ | ... | ... | ... |
| | ૧૭. સહકાર | ... | ... | ... |
| | ૧૮. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ | ૪ | ... | ... |
| | ૧૯. માહિતી, પ્રસારણ અને પ્રવાસન | ૧ | ... | ... |
| | ૨૦. વન અને પર્યાવરણ | ૪ | ૧ | ... |
| | ૨૧. આદિજાતિ વિકાસ | ... | ... | ... |
| | ૨૨. નર્મદા વિકાસ | ૧ | ... | ... |
| | કુલ... | ૭૧ | ૧૬ | ... |

| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
|---|---|---|---|---|---|
| ... | ૧ | ... | ... | ... | ... |
| ... | ... | ... | ... | ... | ... |
| ... | ... | ... | ... | ... | ... |
| ... | ૪ | ... | ... | ... | ... |
| ... | ૧ | ... | ... | ... | ... |
| ... | ૩ | ૧ | ... | ... | ૧ |
| ... | ... | ... | ... | ... | ... |
| ... | ૧ | ... | ... | ... | ... |
| ... | ૫૫ | ૧૦ | ૫ | ૧ | ૧૧ |

પત્રક ૭

(જુઓ ફકરા

## અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)

| અ. નં. | વિભાગનું નામ | મળેલ સૂચનાઓ | દાખલ કર્યા | તારાંકિતમાંથી અતારાંકિત કર્યા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | સામાન્ય વહીવટ | ૭ | ૪ | ... |
| ૨. | નાણાં | ... | ... | ... |
| ૩. | કાયદા | ૧ | ... | ... |
| ૪. | સિંચાઈ | ૭ | ૫ | ... |
| ૫. | મહેસૂલ | ૬ | ... | ... |
| ૬. | પંચાયત અને ગ્રામ્ય ગૃહનિર્માણ | ૯ | ૨ | ... |
| ૭. | શિક્ષણ | ૬ | ૨ | ... |
| ૮. | ગૃહ | ૧૫ | ૮ | ... |
| ૯. | ઉદ્યોગ, ખાણ અને ઉર્જા | ૧૬ | ૧૧ | ... |
| ૧૦. | કૃષિ અને ગ્રામ્ય વિકાસ | ૩ | ૧ | ... |
| ૧૧. | અન્ન અને નાગરિક પુરવઠા | ૧ | ૧ | ... |
| ૧૨. | આરોગ્ય અને પરિવાર કલ્યાણ | ૮ | ૧ | ... |
| ૧૩. | સમાજ કલ્યાણ | ૩ | ૨ | ... |
| ૧૪. | માર્ગ અને મકાન | ૯ | ૪ | ... |

ક્રમાંક : ૭

ક્રમાંક : ૬)

| ટૂંકી મુદત-માંથી અતા-રાંકિત કર્યા | અગાઉના સત્ર દરમિયાન દાખલ કરેલ પરંતુ ગયા સત્રમાં જવાબ ન આવવાથી રજૂ ન થયે હતાં | દાખલ ન કર્યા | ગૃહમાં જવાબ આપ્યા | નિયમ-૮૭-અ અન્વયે મેજ ઉપર મુકયા | સત્ર સમાપ્તિના દિવસે બાકી જવાબોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ... | ૧૧ | ૩ | ૧ | ૧ | ૧૩ |
| ... | ૧૮ | ... | ૧ | ... | ૧૭ |
| ... | ૬ | ૧ | ... | ... | ૦૬ |
| ... | ૨૦ | ૨ | ૩ | ... | ૨૨ |
| ... | ૧૬ | ૬ | ૫ | ... | ૧૧ |
| ... | ૧૭ | ૭ | ૨ | ૨ | ૧૫ |
| ... | ૧૪ | ૪ | ૧ | ૧ | ૧૪ |
| ... | ૭ | ૭ | ૬ | ૪ | ૦૫ |
| ... | ૧૧ | ૫ | ૩ | ૪ | ૧૫ |
| ... | ૧૯ | ૨ | ૩ | — | ૧૭ |
| ... | ૯ | ... | ૧ | ... | ... |
| ... | ૧૦ | ૭ | ...... | ... | ૧૧ |
| ... | ૪ | ૧ | ૧ | ૨ | ૩ |
| ... | ૧૩ | ૫ | ૧ | ૨ | ૧૪ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૧૫. | શ્રમ અને રોજગાર | ... | ... | ... |
| ૧૬. | બંદરો વાહન વ્યવહાર અને મત્સ્યોદ્યોગ | ... | ... | ... |
| ૧૭. | સહકાર | ... | ... | ... |
| ૧૮. | શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ | ૩ | ૨ | ... |
| ૧૯. | માહિતી, પ્રસારણ અને પ્રવાસન | ૧ | ૧ | ... |
| ૨૦. | વન અને પર્યાવરણ | ૪ | ૪ | ... |
| ૨૧. | આદિજાતિ વિકાસ | ૧ | ... | ... |
| ૨૨. | નર્મદા વિકાસ | ૧ | ૧ | ... |
| | કુલ ... | ૧૦૧ | ૪૯ | ... |

| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
|---|---|---|---|---|---|
| ... | ... | ... | ... | ... | ... |
| ... | ૩ | ... | ૩ | ... | ... |
| ... | ૧૪ | ... | ... | ... | ૧૪ |
| ... | ૩ | ૧ | ૧ | ... | ૪ |
| ... | ... | ... | ૧ | ... | ... |
| ... | ૩ | ... | ૧ | ૪ | ૨ |
| ... | ૩ | ૧ | ૦ | ... | ૩ |
| ... | ... | ... | ૧ | ... | ... |
| ... | ૧૯૨ | ૫૨ | ૩૫ | ૨૦ | ૧૮૬ |

## પત્રક ક્રમાંક : ૮

(જુઓ ફકરા ક્રમાંક—૭)

### દાખલ કરવાનાં સરકારી વિધેયકો

| અનુ. નં. | વિધેયકની ટૂંકી સંજ્ઞા | વિભાગ | પ્રભારી મંત્રી | વિધેયક દાખલ થયા તારીખ | વિધેયક ક્રમાંક અને ગેઝેટમાં પ્રસિધ્ધ થયા તારીખ | શેરો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | સન ૧૯૯૦નું ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) વિધેયક. | નાણા | નાણામંત્રીશ્રી અરવિંદ સંઘવી | ૨૨-૧-૯૦ | સન ૧૯૯૦નું વિધેયક ક્રમાંક : ૧, તા. ૧૬-૧-૯૦ | |

પત્રક ક્રમાંક-૯

પત્રક

(જુઓ ફકરા

પહેલા, બીજા અને ત્રીજા વાંચન

| અ.નં. | વિધેયકનો નંબર અને ટૂંકી સંજ્ઞા | ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખ | વિભાગ | પ્રભારી મંત્રીશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | સન ૧૯૮૭નું વિધેયક ક્રમાંક-૨૮ સન ૧૯૮૭નું ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક. | ૧૯-૭-૮૭ | સહકાર | સહકાર મંત્રીશ્રી અમરસિંહજી વાઘેલા |
| ૨. | સન ૧૯૮૭નું વિધેયક ક્રમાંક-૩૩ સન ૧૯૮૭નું રક્તપિત્ત રોગો (ગુજરાત પૂરતું રદ કરવા બાબત) વિધેયક. | ૧૦-૮-૮૭ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ | આરોગ્ય મંત્રીશ્રી વલ્લભભાઈ પટેલ |
| ૩. | સન ૧૯૮૮નું વિધેયક ક્રમાંક-૨ સન ૧૯૮૮નું ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર ધંધા અને રોજગાર વેરા (સુધારા) વિધેયક. | ૮-૨-૮૮ | નાણાં | નાણા મંત્રીશ્રી અરવિંદ સંઘવી |
| ૪. | સન ૧૯૮૮નું વિધેયક ક્રમાંક-૪ સન ૧૯૮૮નું ગુજરાત વીજળી વેચાણવેરા (સુધારા) વિધેયક. | ૧૫-૨-૮૮ | ઉદ્યોગ, ખાણ અને ઉર્જા | રાજ્યકક્ષાના ઉર્જા મંત્રીશ્રી, નલિન પટેલ |
| ૫. | સન ૧૯૮૮નું વિધેયક ક્રમાંક-૧૦ સન ૧૯૮૮નું ગુજરાત પરીક્ષાઓમાં ગેરરીતિઓ અટકાવવા બાબત વિધેયક. | ૨૪-૨-૮૮ | શિક્ષણ | રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી, હસમુખ પટેલ |
| ૬. | સન ૧૯૮૮નું વિધેયક ક્રમાંક-૧૪ સન ૧૯૮૮નું મુંબઈ વાહનવેરા (ગુજરાત સુધારા) વિધેયક. | ૨૬-૨-૮૮ | બંદરો, વાહન વ્યવહાર અને મત્સ્યોદ્યોગ. | મુખ્યમંત્રીશ્રી, અમરસિંહ ચૌધરી |

**ક્રમાંક—૯**

**ક્રમાંક—૮)[1]**

**માટેનાં સરકારી વિધેયકો**

| દાખલ કર્યાની તારીખ | પહેલા વાંચનની તારીખ | બીજા વાંચનની તારીખ | ત્રીજા વાંચનની તારીખ | સુધારા | | | શેરો |
|---|---|---|---|---|---|---|---|
| | | | | જેની સૂચના મળી | જે રજૂ કરવામાં આવ્યાં | જે પસાર કરવામાં આવ્યાં | |
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ૧૬--૭--૮૭ | ... | ... | ... | ... | ... | ... | સમયના અભાવે વિધેયક હાથ ધરી શકાયું નહીં. |
| ૧૦--૮--૮૭ | ... | ... | ... | ... | ... | ... | „ |
| ૮--૨--૮૮ | ... | ... | ... | ... | ... | ... | „ |
| ૧૫--૨--૮૮ | ... | ... | ... | ... | ... | ... | „ |
| ૨૪--૨--૮૮ | ... | ... | ... | ... | ... | ... | „ |
| ૨૬--૨--૮૮ | ... | ... | ... | ... | ... | ... | „ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૭. | સન ૧૯૮૮નું વિધેયક ક્રમાંક-૧૫ સન ૧૯૮૮નું ગુજરાત વેચાણ વેરા (સુધારા) વિધેયક. | ૨૬-૨-૮૮ | નાણા | નાણા મંત્રીશ્રી અરવિંદ સંઘવી |
| ૮. | સન ૧૯૮૮નું વિધેયક ક્રમાંક-૨૨ સન ૧૯૮૮નું ગુજરાત આકસ્મિક ફંડ (સુધારા) વિધેયક. | ૨૮-૬-૮૮ | નાણા | નાણા મંત્રીશ્રી અરવિંદ સંઘવી |
| ૯. | સન ૧૯૮૮નું વિધેયક ક્રમાંક-૨૪ સન ૧૯૮૮નું ઉત્તર ગુજરાત યુનિવર્સિટી (સુધારા) વિધેયક. | ૪-૭-૮૮ | શિક્ષણ | રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી હસમુખ પટેલ |
| ૧૦. | સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૩ સન ૧૯૮૯નું ગુજરાત માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક. | ૧૮-૧-૮૯ | શિક્ષણ | શિક્ષણ મંત્રીશ્રી અરવિંદ સંઘવી |
| ૧૧. | સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૧૬ સન ૧૯૮૯નું મહારાજા સયાજીરાવ વડોદરા યુનિવર્સિટી (સુધારા) વિધેયક. | ૨૦-૨-૮૯ | શિક્ષણ | શિક્ષણ મંત્રીશ્રી અરવિંદ સંઘવી |
| ૧૨. | સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૨૮ સન ૧૯૮૯નું ગુજરાત સિંચાઈ અને ડ્રેનેજ વિધેયક. | ૧૨-૯-૮૯ | જળસંપત્તિ અને નર્મદા વિકાસ | જળસંપત્તિ મંત્રીશ્રી મહંત વિજયદાસજી |
| ૧૩. | સન ૧૯૮૯નું વિધેયક ક્રમાંક-૩૨ સન ૧૯૮૯નું ગુજરાત ખેત જમીન ટોચમર્યાદા (સુધારા) વિધેયક. | ૨૧-૯-૮૯ | મહેસૂલ | મહેસૂલ મંત્રીશ્રી અમરસિંહજી વાઘેલા |
| ૧૪. | સન ૧૯૯૦નું વિધેયક ક્રમાંક-૧ સન ૧૯૯૦નું ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર ધંધા અને રોજગાર વેરા (સુધારા) વિધેયક. | ૧૬-૧-૯૦ | નાણા | નાણા મંત્રીશ્રી અરવિંદ સંઘવી |

| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
|---|---|---|---|---|---|---|---|
| ૨૬-૨-૮૮ | ... | ... | ... | ... | ... | ... | સમયના અભાવે વિધેયક હાથ ધરી શકાયું નહીં. |
| ૨૮-૬-૮૮ | ... | ... | ... | ... | ... | ... | ,, |
| ૪-૭-૮૮ | ... | ... | ... | ... | ... | ... | ,, |
| ૧-૩-૮૯ | ૧-૩-૮૯<br>૨-૩-૮૯ | ... | ... | ... | ... | ... | વિધેયક પ્રવર સમિતિને સોંપવામાં આવેલ છે. |
| ૨૦-૨-૮૯ | ... | ... | ... | ... | ... | ... | સમયના અભાવે વિધેયક હાથ ધરી શકાયું નહીં. |
| ૨૭-૯-૮૯ | ૨૭-૯-૮૯ | ... | ... | ... | ... | ... | વિધેયક પ્રવર સમિતિને સોંપવામાં આવ્યું |
| ૨૧-૯-૮૯ | ... | ... | ... | ... | ... | ... | સમયના અભાવે વિધેયક હાથ ધરી શકાયું નહીં. |
| ૨૨-૧-૯૦ | ૨૨-૧-૯૦ | ... | ... | ૨૨-૧-૯૦ | ... | ... | વિધેયક પસાર થયું. |

## પત્રક ક્રમાંક—૧૦

(જુઓ ફકરા ક્રમાંક-૧૨)

### વૈધાનિક પ્રસ્તાવો (નિયમ—૧૦૦)

| સત્ર દરમ્યાન મળેલી સુચનાઓની સંખ્યા | અગાઉના સત્રના બાકી રહેલ પ્રસ્તાવો | નામંજૂર કે પાછા ખેંચી લીધેલ વિગેરે | સૂચનાઓનો વિષય ટૂંકમાં | સૂચના આપનાર મંત્રીશ્રી/સભ્યશ્રીનું નામ. | ચર્ચાયા તારીખ | પરિણામ | શેરો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| — | ૫ | — | (૧) રાષ્ટ્રીય રાજમાર્ગને અડીને આવેલી જમીન ઉપર નિયંત્રણ દબાણ દૂર કરવા વગેરે અંગે જોગવાઈ કરતો કાયદો કરવા સંસદને સત્તા આપવા અંગેનો બંધારણની કલમ ૨૫૨(૧) અન્વયેનો પ્રસ્તાવ. | માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી દોલતભાઈ પરમાર | -- | -- | સમયના અભાવે પ્રસ્તાવ હાથ ધરી શકાયો નહીં. |
| | | | (૨) સન ૧૯૨૩ના કપાસ હેર-ફેર અધિનિયમની કલમ ૭ અન્વયેના મુંબઈ સરકારના મહેસૂલ ખાતાના તા. ૧૮-૯-૧૯૨૩ના જાહેરનામા ક્રમાંક -૫૩૫-એ માંના વિકાસ વિભાગ દ્વારા બહાર પાડવા-ના જાહેરનામાના મુસદ્દાને માન્ય રાખવા અંગેનો પ્રસ્તાવ. | માનનીય કૃષિ મંત્રીશ્રી મહંત વિજ્યદાસજી | -- | -- | ,, |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | (૩) સન ૧૯૮૮ના ગુજરાત મંત્રીઓ (નિવાસ સ્થાનની) સજાવટ અંગેના ખર્ચના ધોરણો) નિયમો સુધારતી સામાન્ય વહીવટી વિભાગની તા. ૨૬-૯-૮૮ની અધિસૂચના ક્રમાંક જીએસ/૮૮/૫૩/એમઓફઆર/૧૨૮૮-સીયુમાં સુધારો સુચવતો પ્રસ્તાવ. | માનનીય સભ્યશ્રી અશોકભટ્ટ | -- | -- | સમયના અભાવે પ્રસ્તાવ હાથ ધરી શકાયો નહીં |
| | | | (૪) સન ૧૯૮૩ના ગુજરાત મંત્રી મુસાફરી ભથ્થાં નિયમો સુધારતી સામાન્ય વહીવટ વિભાગની તા.૨૧-૧૨-૧૯૮૮ની અધિસૂચના ક્રમાંક એમટીઆર-જીએસ-૮૮-૭૩ એમટીઆર-૧૧૮૮(૨) સીયુમાં સુધારો સૂચવતો પ્રસ્તાવ. | માનનીય સભ્યશ્રી અશોક ભટ્ટ | -- | | ” |
| | | | (૫) સંસદે પસાર કરેલ પાણી (પ્રદુષણ નિવારણ અને નિયંત્રણ) (સુધારા) અધિનિયમ ૧૯૮૮ને રાજ્યમાં અપનાવવા અંગેનો પ્રસ્તાવ. | રાજ્યકક્ષાના પર્યાવરણ મંત્રીશ્રી, લલિતકુમાર પટેલ, | -- | -- | ” |
| ૧ | ૫ | -- | (૬) સંસદના બન્ને ગૃહોએ પસાર કરેલ સંવિધાન (૬૨મો સુધારો) વિધેયક ૧૯૮૯ને બહાલ રાખવા અંગેનો પ્રસ્તાવ. | માનનીય મુખ્યમંત્રી માધવસિંહ સોલંકી | ૧૯--૧--૯૦ | | પ્રસ્તાવનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો. |

## પત્રક ક્રમાંક—૧૧

(જુઓ ફકરા ક્રમાંક--૨૨)

### વિધાનસભામાં પક્ષવાર સભ્ય સંખ્યા

| તારીખ | કુલ સંખ્યા | કોંગ્રેસ | જનતાપક્ષ | ભા.જ.પ. | અપક્ષો | ખાલી |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧૮--૧--૯૦ થી ૨૨—૧—૯૦ | ૧૮૨ | ૧૪૨ | ૯ | ૯ | ૮ | ૧૪ |

પત્રક ક્રમાંક—૧૨

(જુઓ ફકરા ક્રમાંક ૨૩)

ખરેખર થયેલા કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી

જાન્યુઆરી, ૧૯૯૦

| | |
|---|---|
| ગુરુવાર, તા. ૧૮મી | ૧—રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવની રજૂઆત.<br>૨—શોકદર્શક ઉલ્લેખો. |
| શુક્રવાર, તા. ૧૯મી | ૧— અધ્યક્ષશ્રીની ચૂંટણી<br>૨— કામકાજ સલાહકાર સમિતિના સભ્યોમાં ફેરફાર અંગેની અધ્યક્ષશ્રીની જાહેરાત.<br>૩— સભ્યશ્રીઓના રાજીનામા અંગે અધ્યક્ષશ્રીની જાહેરાત.<br>૪—વૈધાનિક પ્રસ્તાવ<br>સંવિધાન (બાસઠમો સુધારો) વિધેયક, ૧૯૮૯ને બહાલ રાખવા અંગેનો માન. મુખ્યમંત્રીશ્રીનો નિયમ-૧૦૦ અન્વયેનો પ્રસ્તાવ. |
| શનિવાર, તા. ૨૦મી. | બેઠક ન હતી. |
| રવિવાર, તા. ૨૧મી | રજા. |
| સોમવાર, તા. ૨૨મી | ૧— રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ ઉપર ચર્ચા (પહેલો અને છેલ્લો દિવસ).<br>૨—સન ૧૯૯૦નું વિધેયક ક્રમાંક—૧ સન ૧૯૯૦નું ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) વિધેયક. |

---

પત્રક ક્રમાંક—૧૩

(જુઓ ફકરા ક્રમાંક—૨૪)

## રોજેરોજના કામકાજનો સારાંશ

### ગુરુવાર, તા. ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૦

૧. શ્રી સુરેશચંદ્ર રૂ. મહેતાએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવીને એવો મુદ્દો ઉપસ્થિત કર્યો કે, મુખ્ય મંત્રીશ્રી માધવસિંહ સોલંકી આ સભાગૃહના સભ્ય નથી, તેઓ રાજ્યસભાના સભ્ય છે અને રાજ્યસભાનું સભ્યપદ જાળવી રાખ્યું છે તે બંધારણની કલમ ૧૦૧ની ભાવના સાથે સુસંગત નથી અને તેથી તેઓ બન્ને હાઉસના સભ્ય તરીકે રહી શકે નહી. ચર્ચાને અંતે અધ્યક્ષશ્રીએ પોઇન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કરતાં જણાવ્યું કે બંધારણની કલમ ૧૬૪ અને ૧૭૭ અનુસાર તેઓને મુખ્યમંત્રી તરીકે આ ગૃહની કાર્યવાહીમાં ભાગ લેવાનો અધિકાર છે.

૨. શ્રી દિલીપભાઈ સંઘાણીએ મુદ્દો ઉપસ્થિત કરીને જણાવ્યું કે, વિધાનસભાના નિયમોમાં જે વ્યાખ્યા આપી છે તે મુજબ તેઓ આ ગૃહના સભ્ય નહીં હોવાથી કામકાજ સલાહકાર સમિતિ ઉપર સભ્ય તરીકે રહી શકે નહિ.

અધ્યક્ષશ્રીએ મુદ્દો નામંજૂર કરતા જણાવ્યું કે, આ ચર્ચા અત્યારે અસ્થાને છે.

૩. સંસદીય બાબતોના મંત્રી પ્રો. હસમુખ પટેલે દિવસના કામકાજમાં દર્શાવેલ અધ્યક્ષશ્રીની ચૂંટણીની બાબત આવતી કાલ ઉપર મુલતવી રાખવા દરખાસ્ત કરી, તેમણે સભાગૃહને જણાવ્યું કે, ચૂંટણી માટેની નવી તારીખ ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૦ નક્કી કરવા રાજ્યપાલશ્રીએ સંમતિ આપી છે અને તેનો હુકમ મોકલી આપવામાં આવશે. પ્રસ્તુત દરખાસ્તને સભાગૃહે સંમતિ આપી.

